દાખલ તારીખ : ૨૪/૦૨/૨૦૧૫
રજિસ્ટર્ડ તારીખ : ૨૪/૦૨/૨૦૧૫
ફૈંસલ તારીખ : ૨૯/૦૨/૨૦૨૦
સમયગાળો : ૫ વર્ષ ૦૦ માસ ૦૫ દિવસ

**અરવલ્લી જીલ્લાના મે.બીજા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ.મોડાસા**

**સેશન્સ કેસ નંબરઃ ૧૧૦/૨૦૧૫**

આંક :

ફરિયાદી : શ્રી સરકાર

વિ રુ ધ્ધ

આરોપી : કાંતિભાઈ દોલજીભાઈ આંબલીયા
ઉ.વ.૪૨
રહે.ભિલોડા કંપા, તા.ભિલોડા, જી.અરવલ્લી

ગુન્હો : ઈ.પી.કો.ક. ૩૦૨ મુજબ...

---

ફરિયાદી–શ્રી સરકાર તરફે... વિ.એ.પી.પી.શ્રી ડી.એસ.પટેલ
આરોપી તરફે... વિ. વ. શ્રી આર.એન.પંડયા

---

## // ઠ રા વ //

૧.. આ કામના આરોપીઓ સામે ઈ.પી.કો.ક. ૩૦૨ મુજબના ગુન્હાનું તહોમત મુકવામાં આવેલ છે.

૨.. ફરિયાદપક્ષના ટુંકમાં કેસની હકીકત જોતાં આરોપી અને ફરિયાદીના પિતા મિત્ર થતા હોઈ અને તેઓ બંને જણા સાહેદ શંકરભાઈ સોજાભાઈ ડોડીયારના ઘરે દારુ પીવા માટે ગયેલા અને તે વખતે માછલી પકડવાની જાળ બાબતે બંને વચ્ચે ઝઘડો થતાં ફરિયાદીના પિતા સાહેદના ઘરેથી નીકળી પોતાના ઘરે જતા તે વખતે આ કામના આરોપીએ ફરિયાદીના

પિતા ધર્માજી બદાજી નિનામા, ઉ.વ.૮૨નાઓને રાણી તળાવમાં તા.૧૧ /૬/૨૦૧૪ થી ક.૧૦/૩૦થી તા.૧૨/૬/૨૦૧૪ના કલાક ૧૦/૦૦ દરમિયાન ગળુ દબાવી મોત નિપજાવી લાશને રાણી તળાવના ખાડામાં નાંખી ગુન્હો કરેલ છે.

ત્યારબાદ આ કામના ફરિયાદીએ પી.એસ.આઈ., ભિલોડા પો.સ્ટે. નાઓ રૂબરૂ ઉપરોકત ફરિયાદ હકીકત જાહેર કરતાં પોલીસે આરોપી વિરુધ્ધ ફર્સ્ટ ગુના રજી.નં. ૬૧/૨૦૧૪ થી ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૦૨ મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે ગુન્હાની તપાસ, તપાસ કરનાર અમલદારે કરી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળતાં ચાર્જશીટ ભિલોડાના વિ. જયુ.મેજી.ફ.ક.શ્રીની અદાલતમાં રજુ કરવામાં આવેલ છે.

૩.. ભિલોડાના વિ.જયુ.મેજી.ફ.ક.શ્રીનાએ આરોપીને ક્રિ.પ્રો.કો. કલમ—૨૦૭ અન્વયે પોલીસ તપાસના તમામ કાગળોની નકલો આપેલી છે અને ત્યારબાદ, તેઓને આ ગુન્હાની ટ્રાયલ ચલાવવાની હકુમત ન હોવાથી ક્રિ. પ્રો. કો. કલમ —૨૦૯ અન્વયે આ કેસ અત્રેની સેશન્સ કોર્ટ, મોડાસાને કમિટ કરેલ છે અને ત્યારબાદ આ કેસ ન્યાયિક કાર્યવાહી સારું અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલ છે.

૪.. આરોપી જામીન મુકત થયેલ હોઈ તેઓને સમન્સ કરતા તેઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતા તેઓને પોલીસ તપાસના તમામ કાગળોની નકલો મળેલ છે કે કેમ તેની ખાતરી કર્યા બાદ તેઓની વિરુધ્ધ સદરકામે આંક : ૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૦૨ મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવેલ છે અને આરોપીનો જવાબ લેવામાં આવેલ છે તેમાં

તેઓએ તેમની વિરુધ્ધ આક્ષેપાયેલ ગુન્હાનો ઈન્કાર કરેલો છે. જેથી ફરિયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ છે.

૫.. ફરિયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના સાહેદોનો મૌખિકપુરાવો રજુ કરેલો છે.

| અ.નં. | સાહેદ નું નામ | આંક |
|---|---|---|
| (૧) | રમેશભાઈ ધર્માજી નિનામા– ફરિયાદી | ૧૪ |
| (૨) | શંકરભાઈ સાંજાભાઈ ડોડીયાર | ૧૬ |
| (૩) | નાનજીભાઈ ધર્માજી નિનામા | ૧૭ |
| (૪) | સીમોલભાઈ ધર્માજી નિનામા | ૧૮ |
| (૫) | ડો.અરવિંદકુમાર જગદીશભાઈ ચૌધરી (મેડીકલ ઓફીસર) | ૧૯ |
| (૬) | અરવિંદભાઈ ધનાભાઈ ચમાર–પી.એસ.ઓ. | ૨૪ |
| (૭) | નટુભાઈ બદાભાઈ ભગોરા | ૩૩ |
| (૮) | સરસ્વતીબેન ફતેસિંહ બલાત– પી.એસ.ઓ. | ૩૪ |
| (૯) | પ્રહલાદસિંહ સોનસિંહ પરમાર– ત.ક.અમલદાર | ૩૬ |

૬.. ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| (૧) | અસલ ઈન્કવેસ્ટ પંચનામું | ૧૦ |
| (૨) | મરણજનારના કપડાં કબજે કર્યા અંગેનું અસલ પંચનામું | ૧૧ |
| (૩) | ગુનાવાળી જગ્યાનું અસલ પંચનામું | ૧૨ |
| (૪) | આરોપીની શરીર સ્થિતિ અંગેનું અસલ પંચનામું | ૧૩ |
| (૫) | બનાવની અસલ ફરિયાદ | ૧૫ |
| (૬) | અસલ પી.એમ.નોટ | ૨૦ |
| (૭) | કોઝ ઓફ ડેથનું અસલ સર્ટિફીકેટ | ૨૧ |
| (૮) | મરણજનારનું બ્લડ સેમ્પલ પૃથ્થકરણ માટે મોકલી આપેલ તેનું અસલ ફોર્મ | ૨૨ |

| | | |
|---|---|---|
| (૯) | મરણજનારનું પી.એમ. કરવા અંગેની પોલીસયાદી | ૨૩ |
| (૧૦) | અકસ્માત મોત રજી.નં.૩૧/૨૦૧૪ની નકલ | ૨૫ |
| (૧૧) | અસલ સુચિપત્ર | ૨૬ |
| (૧૨) | મરણજનારની લાશનું ઈન્કવેસ્ટ ભરવા અંગેની પોલીસયાદી | ૨૭ |
| (૧૩) | મરણોત્તર ફોર્મ | ૨૯ |
| (૧૪) | લાશ સોંપ્યા અંગેની પાવતી | ૩૦ |
| (૧૫) | લાશનું પી.એમ. કરવા અંગેની પોલીસયાદી | ૩૧ |
| (૧૬) | મુદ્દામાલ રવાનગી ફોર્મ | ૩૨ |
| (૧૭) | પો.સ્ટે.ડાયરીની ખરીનકલ | ૩૫ |
| (૧૮) | અસલ સુચિપત્ર | ૩૭ |
| (૧૯) | તપાસ સોંપવા અંગેનો પત્ર | ૩૮ |
| (૨૦) | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મળ્યા અંગેની પહોંચ | ૩૯ |
| (૨૧) | ગુન્હાવાળી જગ્યાનો નકશો મોકલ્યા અંગેનો પત્ર | ૪૦ |
| (૨૨) | બનાવવાળી જગ્યાનો અસલ નકશો | ૪૧ |
| (૨૩) | એફ.એસ.એલ.રીપોર્ટ અને ફોરવર્ડીંગ લેટર | ૪૨ |
| (૨૪) | એફ.એસ.એલ.રીપોર્ટ | ૪૩,૪૪ |

૭.. ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા આંક : ૪૫ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે તે આધારે ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. આ કામે આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ– ૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં તેઓએ જણાવેલ છે કે,''શંકા ઉપરથી ખોટો કેસ કરી પોલીસ ધ્વારા બુટલેગર ને બચાવવાનો પ્રયત્ન કરેલ છે અને મારી ઉપર ખોટો કેસ કરેલ છે''

૮.. ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી ડી.એસ.પટેલ અને આરોપી તરફે વિ.વકીલ શ્રી આર.એન.પંડયાની દલીલો સાંભળવામાં આવી.

૯.. ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી.એસ.પટેલ રજુઆત કરતાં જણાવે છે કે, આ કામના આરોપીઓ વિરુધ્ધ આંકઃ૩થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. ફરિયાદની હકીકત મુજબ આ કામના આરોપી તેમજ મરણજનાર ધર્માજી બંને મિત્રો થતા હતા અને તેઓ બંને સાહેદ શંકરભાઈ સાંજાભાઈ ડોડીયારના ઘરે દારુ પીવા માટે ગયેલા, તે વખતે માછલા પકડવાની જાળ બાબતે તેઓ બંને વચ્ચે તકરાર થતાં ફરિયાદીના પિતા મરણજનાર ધર્માજી સાહેદ શંકરભાઈના ઘરેથી નીકળી પોતાના ઘર તરફ જતા હતા તે સમયે આ કામના આરોપીએ ફરિયાદીના પિતાનું ગળું દબાવી મોત નિપજાવી લાશને રાણી તળાવના ખાડામાં નાંખી ગુન્હો કર્યા અંગેનો આક્ષેપ મૂકવામાં આવેલ છે. ફરિયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં આંકઃ૧૯થી ડો.અરવિંદકુમાર જગદીશભાઈ ચૌધરીને તપાસેલ છે કે જેઓએ મરણજનાર ધર્માજીની લાશનું પી.એમ. કરેલ છે. ડોકટરશ્રીના પુરાવા મુજબ મરણજનારનું મૃત્યુ ગળુ દબાવવાના કારણે શ્વાસ રુંધાતા થયેલ હોવાનું જણાવેલ છે. આમ, મરણજનારનું મૃત્યુ અકુદરતી રીતે થયેલ હોવાની હકીકત ડોકટરશ્રીની જુબાનીથી પુરવાર થાય છે. આ કામે નજરે જોનાર કોઈ સાક્ષી નથી. સમગ્ર કેસ સાંયોગિક પુરાવા ઉપર આધારિત છે. ફરિયાદી મરણજનારના પુત્ર થાય છે કે જેઓને જાણ થતાં તેઓએ હાલની ફરિયાદ આપેલ છે. ફરિયાદની હકીકત મુજબ આ કામના આરોપી અને ફરિયાદીના પિતા બંને જણા સાહેદ શંકરભાઈને ત્યાં દારુ પીવા માટે ગયેલા અને તે સમયે માછલી પકડવાની જાળ બાબતે ઝઘડો થતાં આરોપીએ ફરિયાદીના પિતાનું ગળું દબાવી તેઓનું મોત નિપજાવેલ છે જે હકીકત ફરિયાદીની જુબાનીના આધારે પુરવાર થાય છે. ત્યારબાદ આંકઃ૧૬થી સાહેદ શંકરભાઈ સાંજાભાઈ

ડોડીયારને તપાસેલ છે કે જેઓએ ફરિયાદી અને આરોપી બંનેને તેઓના ઘરે છેલ્લે ઝઘડો કરતાં જોયેલ છે. સદર સાહેદના જણાવ્યા મુજબ આરોપી અને મરણજનાર વચ્ચે માછલા પકડવાની જાળ બાબતે ઝઘડો થયેલ છે અને ત્યારબાદ કાંતિભાઈ એટલે કે આ કામના આરોપી ત્યાંથી નીકળી ગયેલ અને તેના અડધો કલાક બાદ મરણજનાર ધર્માભાઈ ઘરે જવા નીકળેલ છે. ત્યારપછી એક કલાક બાદ કાંતિભાઈ સદર સાહેદના ઘરે આવેલ અને ''ધર્માભાઈ મરી ગયેલ છે, તારે જોવા આવવું હોય તો આવ.'' તેમ જણાવેલ છે. તે જોતાં આ કામના આરોપીએ મરણજનારને ગળું દબાવી મારી નાંખેલાની હકીકત સદર સાહેદની જુબાનીના આધારે પુરવાર થાય છે. ત્યારબાદ તપાસવામાં આવેલ તમામ સાહેદોએ બનાવ નજરે જોયેલ નથી, પરંતુ વાતોવાતથી હકીકત જાણેલ છે. પરંતુ સાહેદ શંકરભાઈની જુબાનીના આધારે આરોપી અને મરણજનાર ધર્માજી સાથે હોવાનું અને તેઓ બંને વચ્ચે ઝઘડો થયેલાની હકીકત પુરવાર થાય છે અને એક કલાક બાદ આરોપી પોતે જાતે સાહેદ શંકરભાઈના ઘરે આવી ધર્માભાઈ મરી ગયેલાની હકીકત જણાવેલ છે. તે જોતાં નજરે જોનાર સાહેદ ન હોવા છતાં સાહેદ શંકરભાઈની જુબાનીના આધારે ફરિયાદપક્ષ તેઓનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે. વધુમાં આ કામે ત.ક.અમલદારશ્રીએ જે તપાસ કરેલ છે તે નિષ્પક્ષ રીતે કરેલ છે. બચાવપક્ષ તરફે સાહેદોની ઉલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ ઉલટતપાસમાં કોઈ વિરોધાભાસી હકીકત મળી આવેલ નથી. આમ, ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ સમગ્ર પુરાવો જોતાં ફરિયાદપક્ષ તેઓનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ

થયેલ હોઈ અને આ કામના આરોપીએ ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ હોઈ સખતમાં સખત સજા કરવા રજૂઆત કરવામાં આવેલ છે.

૧૦.. બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી આર.એન.પંડયા રજુઆત કરતાં જણાવે છે કે, કહેવાતો બનાવ તા.૧૧/૬/૨૦૧૪ના રોજ ક.૧૦/૩૦ થી તા.૧૨/૬/ ૨૦૧૪ના ક.૧૦/૦૦ના સમયગાળા દરમિયાન બનેલાનું જણાવેલ છે. જે અંગેની ફરિયાદ તા.૨૩/૬/૧૪ના રોજ આપવામાં આવેલ છે. આમ, ઘણી મોડી ફરિયાદ આપેલ છે તે બાબત કોઈ સ્પષ્ટ ખુલાસો ફરિયાદી તરફે કરવામાં આવેલ નથી. ફરિયાદપક્ષ તરફે ફરિયાદીને આંકઃ૧૪થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં ફરિયાદ શંકાના આધારે આપેલ હોવાની હકીકત કબુલ રાખેલ છે. મરણજનારની લાશ મળ્યા બાદ તા.૧૨/૬/૧૪ના રોજ પી.એમ. થયેલ છે અને તે જ દિવસે ડોકટરશ્રીએ કોઝ ઓફ ડેથનું સર્ટિફીકેટ આપેલ છે. સદરહુ કોઝ ઓફ ડેથ મુજબ મરણજનારનું મૃત્યુ ગળુ દબાવવાના કારણે ગુંગળામણથી થયેલાનું જણાવેલ છે. તા.૧૨/૬/૧૪થી તા.૨૩/૬/૧૪ દરમિયાન મરણજનારના સગાવહાલા તરફે કોઈ ફરિયાદ આપવામાં આવેલ નથી. એટલું જ નહિ પરંતુ સરકાર તરફે પણ કોઈ ફરિયાદ આપવામાં આવેલ નથી. તે જોતાં હાલની ફરિયાદ પાછળથી ઉભી કરેલાનું જણાય છે. સદરહુ કેસમાં મહત્વના સાહેદ શંકરભાઈ સાંજાભાઈ છે કે જેઓના જવાબના આધારે હાલના આરોપી વિરુધ્ધ આક્ષેપ મૂકવામાં આવેલ છે. ફરિયાદપક્ષ તરફે તેઓને આંકઃ૧૬થી તપાસવામાં આવેલ છે. સદર શંકરભાઈ પોતે બુટલેગર છે અને દારુનો ધંધો કરે છે. સદર સાહેદના જણાવ્યા મુજબ આ કામના આરોપી તથા મરણજનાર ધર્માજી બંને તેઓને ત્યાં દારુ પીવા આવેલા અને તે વખતે માછલા પકડવાની જાળ બાબતે ઝઘડો થયેલ.

વધુમાં સદર સાહેદના જણાવ્યા મુજબ ત્યારબાદ આરોપી કાંતિભાઈ નીકળી ગયેલા અને ત્યારબાદ અડધો કલાક પછી મરણજનાર ધર્માભાઈ ઘરે ગયેલા. આમ, સાહેદ શંકરભાઈના ઘરેથી આરોપી અને મરણજનાર ધર્માજી સાથે ગયેલ હોય તેવી હકીકત સદર સાહેદની જુબાનીના આધારે ફલિત થતી નથી. જેથી "લાસ્ટ સીન ટુ ગેધર"ની થીયરી માની શકાય નહિ. વધુમાં સદર સાહેદના જણાવ્યા મુજબ એક કલાક બાદ આરોપી કાંતિભાઈ તેઓના ઘરે આવેલ અને ધર્માભાઈ મરી ગયેલ છે, તારે જોવા આવવું છે? તેમ જણાવેલ. પરંતુ આવી કોઈ હકીકત સદર સાહેદે તેઓના તા.૧૭/૬/૧૪ના રોજના નિવેદનમાં લખાવેલ નથી. તે જોતાં પાછળથી આ સ્ટોરી ઉભી કરેલાનું જણાય છે. તેમજ સદર સાહેદ પોતે પણ જે તે વખતે દારુ પીધેલી હાલતમાં હોવાનું જણાવે છે, તે જોતાં સદર સાહેદના સ્ટેટમેન્ટ ઉપર આધાર રાખી શકાય નહિ. પોતે માનસિક રીતે બીમાર હોવાનું અને તેઓને ડાકણ વળગેલ હોવાથી બીમાર હોવાનું જણાવે છે. તે જોતાં સદર સાહેદ માનસિક રીતે સ્વસ્થ ન હોવાથી પણ સદર સાહેદની જુબાની ઉપર આધાર રાખી શકાય નહિ. ત્યારબાદ અન્ય કોઈ સાહેદોએ બનાવ નજરે જોયેલ નથી, વાતોવાતથી સાંભળેલ છે. તે સિવાય બીજા સાહેદ નટુભાઈ બદાભાઈ ભગોરાને આંકઃ૩૩થી તપાસવામાં આવેલ છે. ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપી અને મરણજનાર વચ્ચે માછલા પકડવાની જાળ બાતે જયારે ઝઘડો થયેલ તે વખતે સદર સાહેદ પણ શંકરભાઈને ત્યાં હાજર હતા. પરંતુ સદર સાહેદનો પુરાવો જોતાં તેઓ બનાવ બાબતે કંઈ જાણતા નથી તેમ જણાવે છે. ફરિયાદપક્ષે સદર સાહેદની ફરી ગયેલા જાહેર કર્યા બાદ પણ તેઓની વિ.એ.પી.પી.શ્રી તરફે ઉલટતપાસ કરવામાં

આવેલ છે. પરંતુ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષને સમર્થનરૂપ કોઈ હકીકત મળી આવતી નથી. આમ, સદર સાહેદની જુબાનીના આધારે પણ હાલના આરોપીને છેલ્લે મરણજનાર ધર્માજી સાથે જોયેલાની હકીકત પુરવાર થતી નથી. ફરિયાદપક્ષ તરફે આંકઃ૩૬થી ત.ક.અમલદારશ્રી પી.એસ.પરમારને તપાસવામાં આવેલ છે. જેઓની સમગ્ર જુબાની જોવામાં આવે તો તેઓની તપાસ અંગે શંકા ઉપસ્થિત થાય છે. ત.ક.અમલદાર પ્રથમ ડેમ વિસ્તારમાં રબારીઓ ઘેંટા બકરા ચારવા માટે પડેલ હતા તે વિગત તેઓની તપાસમાં ખુલેલી તેનો ઈનકાર કરેલ છે. ત્યારબાદ આ લાશ રબારીઓએ પહેલી જોયેલી તે હકીકતનો સ્વીકાર કરેલ છે. તેમ છતાં કોઈ રબારીઓના નિવેદનો લેવામાં આવેલ નથી. વધુમાં સાહેદ શંકરભાઈ ડોડીયારના તા.૧૭/૬/૧૪ના રોજ જે નિવેદન આપેલ તે નિવેદનમાં માછલાની જાળ બાબતે આરોપી અને ધર્માજી વચ્ચે બોલાચાલી થયેલી તથા આરોપી તેઓના ઘરેથી નીકળી ગયા બાદ ફરીથી તેઓના ઘરે આવેલ હોય અને ધર્માજી ગુજરી ગયા બાબતની જાણ કરેલ હોય તેવું લખાવેલ નથી. આમ, તા.૧૨/૬/૧૪ના રોજ બનાવ બાદ સદર સાહેદ શંકરભાઈનું તા.૧૭/૬/૧૪ના રોજ જાણવા જોગના અનુસંધાને નિવેદન લેવામાં આવેલ છે તે નિવેદનમાં આવી કોઈ હકીકત સાહેદ શંકરભાઈએ લખાવેલ નથી. તે જોતાં પાછળથી ફરિયાદ કરવા માટે આરોપી વિરુધ્ધ ખોટી હકીકત ઉભી કરેલ છે. આમ, ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ સમગ્ર પુરાવો જોતાં આ કામના આરોપીને છેલ્લે મરણજનાર ધર્માજી સાથે જોયેલ હોય તેવી હકીકત પુરવાર થતી ન હોઈ આ કામના આરોપીએ જ મરણજનાર ધર્માજીને ગળુ દબાવી મારી નાંખેલ હોય તે હકીકત ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી

શકેલ ન હોઈ આરોપીને નિર્દોષ ઠરાવી  છોડી મૂકવા રજુઆત કરવામાં આવેલ છે.

૧૧.. આ કામે સદરહુ કેસનો નિર્ણય કરવા સારું નીચે મુજબના મુદ્દાઓ મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામે મરણજનાર ધર્માજી બબાજી નિનામાનું મૃત્યુ એ હોમીસાઈડલ ડેથ છે કે કેમ ?

(૨) શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના  આરોપી અને ફરિયાદીના પિતા મિત્ર થતા હોઈ અને તેઓ બંને જણા સાહેદ શંકરભાઈ સોજાભાઈ ડોડીયારના ઘરે દારુ પીવા માટે ગયેલા અને તે વખતે માછલી પકડવાની જાળ બાબતે બંને વચ્ચે ઝઘડો થતાં ફરિયાદીના પિતા સાહેદના ઘરેથી નીકળી પોતાના ઘરે જતા તે વખતે આ કામના આરોપીએ ફરિયાદીના પિતા ધર્માજી બદાજી નિનામા, ઉ.વ.૮૨નાઓને રાણી તળાવમાં તા.૧૧/૬/૨૦૧૪ થી ક.૧૦/૩૦થી તા.૧૨/૬/૨૦૧૪ના કલાક ૧૦/૦૦ દરમિયાન ગળુ દબાવી મોત નિપજાવી લાશને રાણી તળાવના ખાડામાં નાંખી ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૦૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૩) શું હુકમ?

૧૨.. ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

(૧) હકારમાં..

(૨) નકારમાં..

(૩) આખરી હુકમ મુજબ

## // કા ર ણો //

૧૩.. ફરિયાદપક્ષે આ કામે રજૂ થયેલ પુરાવાનું વિશ્લેષણ કરીએ તે પૂર્વે ક્રિમિનલ ટ્રાયલનો સિધ્ધાંત છે કે ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકારહિત સાબિત કરવો પડે અને આરોપીઓ સામે આક્ષેપાયેલ તહોમત પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીઓને નિર્દોષ ગણવો જોઈએ. આરોપીઓને નિર્દોષતા સાબિત કરવાની જરૂર નથી અને ફરિયાદપક્ષે આરોપીઓ સામે કેસ સાબિત કરવા બચાવપક્ષની નબળાઈઓને ધ્યાનમાં લેવાની નથી. ટ્રાયલકોર્ટે પુરાવાનું મૂલ્યાંકન દરેક કેસમાં અલગ અલગ રીતે અને કેસમાં પડેલ પુરાવા ઉપરથી જ કરવાનું હોય છે.

**મુદ્દા નં.૧ઃ–**

૧૪.. ફરિયાદપક્ષના કેસની હકીકત મુજબ બનાવ સમયે આ કામના આરોપીએ ફરિયાદીના પિતા ધર્માજી બદાજી નિનામાનું ગળુ દબાવી મોત નિપજાવેલ છે. ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાનું તલસ્પર્શી રીતે મૂલ્યાંકન કરવામાં આવે તો આ કામે આરોપી વિરુધ્ધ આંકઃ૩થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. ફરિયાદની હકીકત મુજબ આરોપી અને ફરિયાદીના પિતા ધર્માજી મિત્ર થતા હોઈ અને તેઓ બંને જણા સાહેદ શંકરભાઈ સોજાભાઈ ડોડીયારના ઘરે દારુ પીવા માટે ગયેલા અને તે વખતે માછલી પકડવાની જાળ બાબતે બંને વચ્ચે ઝઘડો થતાં ફરિયાદીના પિતા સાહેદના ઘરેથી નીકળી પોતાના ઘરે જતા તે વખતે આ કામના આરોપીએ ફરિયાદીના પિતા ધર્માજી બદાજી નિનામાનું ગળુ

દબાવી મોત નિપજાવી લાશને રાણી તળાવના ખાડામાં નાંખી ધર્માજીનું ખૂન કરી ગુન્હો કર્યા અંગેનો આક્ષેપ મૂકવામાં આવેલ છે. ફરિયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં આંકઃ૧૯થી ડો.અરવિંદકુમાર જગદીશભાઈ ચૌધરીને તપાસેલ છે કે જેઓએ મરણજનાર ધર્માજીની લાશનું પી.એમ. કરેલ છે. ડોકટરશ્રીનો પુરાવો જોવામાં આવે તો તા.૧૨/૬/૧૪ના રોજ તેઓ વાંકાનેર પી.એચ.સી.માં ફરજ બજાવતા હતા તે દરમિયાન કોટેજ હોસ્પિટલ, ભિલોડા ખાતે લાશનું પી.એમ. પેનલ ડોકટર મારફતે કરવાનું હોઈ તેઓને ત્યાં બોલાવેલ અને ત્યાં તેઓના પેનલ ડોકટર તરીકે ડો.વિનેશ પોકાર– સી.એચ.સી.,તખતગઢનાઓ ત્યાં મેડીકલ ઓફીસર હતા તે દિવસે ક.૩/૦૦ વાગે મરણજનાર ધર્માજીનો મૃતદેહ મળેલો અને તેઓનું શબ પરીક્ષણ ક.૩/૩૦ વાગે શરુ કરી ક.૫/૪૫ વાગ્યે પૂર્ણ કરેલું. લાશનું બાહય પરીક્ષણ કરતાં ગળાના ભાગે બંને બાજુ અંગુઠાના નિશાન હતા, જેનો શેપ ગોળાકાર હતા અને જીકજાકની સ્થિતિમાં હતા અને અંગૂઠાનું નિશાન જમણી સાઈડે ગળાની અંદર થાઈરોડ કાર્ટીલેજથી નીચેના ભાગે હતું જેની સાઈઝ ૫×૫ સે.મી. હતી અને ત્યાં નખ માર્યાના નિશાન હતા, જેની સાઈઝ ૨ × ૧ સે.મી.ની હતી. ગળાની ડાબી બાજુ આંગળીઓના નિશાન હતા, જેનું ડાયરેકશન નીચેના ભાગે હતો. જેની સાઈઝ ૪ × ૨ સે.મી.નો હતો અને ગળાની હડ્ડીમાં ફ્રેકચર થઈ ગયેલું. મોઢાની ડાબી બાજુ મલ્ટીપલ એબ્રેઝન હતું, જેની સાઈઝ ૧/૪ સે.મી. × ૧/૪ સે.મી. હતું. ડાબા હાથે પાછળની બાજુ મલ્ટીપલ એબ્રેઝન હતું જેની સાઈઝ ૨ × ૨ સે.મી. હતી. પીઠના પાછળના ભાગે જમણી બાજુના સ્કેપુલરના ભાગે એબ્રેઝન હતું, જેની સાઈઝ ૧૦ × ૧૦ સે.મી. હતી અને છાતી અને પેટના

ભાગે કાળા કલરના બ્રુઈશ જોવા મળેલ, જેની સાઈઝ ૧/૪ સે.મી. × ૧/૪ સે.મી. હતી. પગની એડીના પાછળના ભાગે બંને બાજુ એબ્રેઝન જોવા મળેલું, જેની સાઈઝ ૬ × ૩ સે.મી.ની હતી. આ તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. વધુમાં ડોકટરશ્રીના અભિપ્રાય મુજબ મરણજનારનું મૃત્યુ ગળુ દબાવવાના કારણે ગુંગળામણથી થયેલ છે. મરણજનારને જે ઈજાઓ થયેલ છે તે મૃત્યુ નિપજાવવા માટે પૂરતી હતી. કોઈપણ વ્યકિતનું ગળું જોરથી દબાવવામાં આવે તો આ પ્રકારની ઈજાઓ સંભવી શકે, જે અંગેનો પી.એમ.રીપોર્ટ આંકઃ૨૦થી સદર ડોકટરશ્રીની જુબાનીમાં રજૂ થયેલ છે. તેમજ આંકઃ૨૧થી કોઝ ઓફ ડેથ સર્ટિફીકેટ રજૂ થયેલ છે.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. ઉલટતપાસમાં જણાવ્યા મુજબ મરણજનારને જે પ્રકારની ઈજાઓ હતી તે જોતાં તેનું મોઢું આગળથી દબાવવામાં આવેલ હશે. વધુમાં ગુંગળામણથી મૃત્યુના કિસ્સામાં પીટયુચલ હેમરેજ એ ગુંગળામણથી મૃત્યુની કન્ફર્મીગ સાઈન છે તે હકીકત કબુલ રાખેલ છે. આમ, ડોકટરશ્રીનો પુરાવો જોવામાં આવે તો મરણજનારનું મૃત્યુ ગળુ દબાવવાના કારણે ગુંગળામણથી થવાથી અકુદરતી મૃત્યુ થયેલ હોવાની હકીકત પુરવાર થતી હોઈ મુદ્દા નં.૧નો નિર્ણય ''હકાર''માં આપું છું.

**<u>મુદ્દા નં.૨ :–</u>**

૧૫.. ઉપરોકત મુદ્દા નં.૧માં કરેલ ચર્ચા મુજબ જયારે મરણજનારનું મોત હોમીસાઈડલ ડેથ– સાપરાધ મનુષ્ય વધ ન હોવાની હકીકત પુરવાર થયેલ છે, ત્યારે હવે એ જવાનું રહે છે કે, આ કામના આરોપીએ મરણજનારનું ગળુ દબાવી તેઓનું મૃત્યુ નિપજાવેલ છે કે કેમ?

બચાવપક્ષ તરફે ગુનાવાળી જગ્યાના પંચનામા બાબતે, મરણજનારના કપડા કબજે કર્યા અંગેના પંચનામા બાબતે તથા મરણજનારના ઈન્કવેસ્ટ પંચનામા બાબતે કોઈ તકરાર ન હોઈ અને કબુલ રાખેલ હોઈ સદર તમામ પંચનામાને આંકે પાડવામાં આવેલ છે.

૧૬.. ફરિયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં આંકઃ૧૪થી ફરિયાદી રમેશભાઈ ધર્માજી નિનામાને તપાસવામાં આવેલ છે કે જેઓ આ કામે મરણજનાર ધર્માજીના પુત્ર થાય છે. સદર સાહેદનો પુરાવો જોવામાં આવે તો બનાવ સમયે તેઓ નાંદોલ ખાતે શાળામાં ફરજ બજાવતા હતા. તે દરમિયાન તેઓના મોટાભાઈ નાનજીભાઈ ધર્માભાઈના મોબાઈલ પરથી ફોન આવેલ કે બાપુજીનું મરણ થયેલ છે અને તેઓની લાશ રાણી તળાવની ચોકડીમાં પડેલ છે. તેવા સમાચાર મળતાં તેઓ નોકરીમાં રજાનો રીપોર્ટ મૂકી ભિલોડા આવવા માટે નીકળેલા. તેઓના ભાઈ નાનજીભાઈ તથા કાકા સુલેમાનભાઈ ભિલોડા પો.સ્ટે. આવેલ હતા. જેથી તેઓ સીધા ભિલોડા પો.સ્ટે. ગયેલા. ત્યાં બનાવની તેઓ સાથે વાતચીત કરેલી અને બનાવની પો.સ્ટે.માં લેખિતમાં જાહેરાત આપેલી. ત્યારબાદ તેઓના પિતાની લાશનું પંચનામું કરી પી.એમ. કરવા સારુ કોટેજ હોસ્પિટલમાં લઈ ગયેલા અને પી.એમ. થયા બાદ તેઓની લાશ સોંપતા અંતિમવિધી કરવા માટે લઈ ગયેલા અને અંતિમવિધી પત્યા બાદ બનેલ બનાવ બાબતે તપાસ કરતાં જાણવા મળેલ કે તેઓના ગામના કાંતિભાઈ દોલજીભાઈ તથા તેઓના પિતાશ્રી બંને મિત્રો હતા અને ગમે ત્યાં જતા ત્યારે તેઓ બંને સાથે જતા હતા. તેઓ બંનેને દારુ પીવાની ટેવ હતી. તે દિવસે મારી સાથે વાત કરતાં જાણવા મળેલ કે તા.૧૧/૬/૨૦૧૪ના રોજ સવારે ૭ થી ૯ના ગાળામાં તેઓના પિતા તથા આરોપી કાંતિભાઈ

દારુ પીવા માટે નીકળેલા અને તે દિવસે સાંજે પાછા પરત આવેલા નહિ અને બીજા દિવસે સવારે ૮/૩૦ વાગ્યે તેઓના મોટાભાઈ નાનજીભાઈને સમાચાર મળેલ કે આ કામના આરોપી અને તેઓન પિતા રાણી તળાવની બાજુમાં આવેલ બુટલેગરને ત્યાં ૧૧ તારીખે ૧૧ થી ૧૨ના અરસામાં દારુ પીવા ત્યાં ગયેલા અને ત્યાં બુટલેગરના જણાવ્યા મુજબ કાંતિભાઈ અને તેઓના પિતા વચ્ચે મચ્છી પકડવાની જાળ બાબતે તકરાર થયેલી અને તેઓના પિતાએ આરોપી પાસે જાળના રૂા.૨,૦૦૦/– માંગતા તે બાબતે બંને જણા વચ્ચે બોલાચાલી થયેલી. ત્યારબાદ ત્યાંથી કાંતિભાઈ નીકળી ગયેલા. ત્યારબાદ આગળ શું બનેલ તે જાણવા મળેલ નહિ. તેઓના પિતાનું પી.એમ. થયા બાદ ત્યારબાદ પી.એમ.રીપોર્ટના આધારે જાણવા મળેલ કે તેઓના પિતાનું મૃત્યુ ગળું દબાવવાના કારણે થયેલ છે અને તેઓના પિતાજી છેલ્લે કાંતિભાઈ જોડે ગયેલા હોઈ અને દફનવિધી પૂર્ણ થયા બાદ ઘરે મળવા આવેલ નહિ કે બારમાની વિધીમાં પણ હાજર રહેલ નહિ. તેમજ આગળ જણાવ્યા મુજબ બંને વચ્ચે તકરાર થયેલાનું જાણવા મળેલ તે આધારે આરોપી વિરુધ્ધ ફરિયાદ આપેલ. જે ફરિયાદ સદર સાહેદની જુબાનીમાં આંકઃ૧૫થી રજૂ થયેલ છે.

આમ, ફરિયાદીની જુબાની જોતાં બનાવ તેઓએ નજરે જોયેલ નથી. બનાવની હકીકત વાતોવાતથી જાણેલ છે. એટલે બનાવના દિવસે આરોપી અને તેઓના પિતા ધર્માજી બંને દારુ પીવા માટે સાહેદ શંકરભાઈને ત્યાં ગયેલાનું જણાવેલ છે તે આધારે શંકાના આધારે હાલના આરોપી વિરુધ્ધ ફરિયાદ આપેલાનું જણાવેલ છે. વધુમાં શંકાના આધારે ફરિયાદ આપેલાની હકીકત ઉલટતપાસમાં કબુલ રાખેલ છે, ત્યારે માત્ર ફરિયાદીની જુબાનીના

આધારે આ કામના આરોપીને સંડોવતો કોઈ સ્પષ્ટ પુરાવો મળી આવતો ન હોઈ અન્ય સાહેદોનો પુરાવો જોવો જરૂરી છે.

૧૭.. આ કામે ફરિયાદપક્ષ તરફે આંકઃ૧૭થી સાહેદ : નાનજીભાઈ ધર્માજી નિનામાને તથા આંકઃ૧૮થી સાહેદ : સીમોલભાઈ ધર્માજી નિનામાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે કે જેઓ બંને આ કામે મરણજનાર ધર્માજીના પુત્રો થાય છે. સદર બંને સાહેદોનો પુરાવો જોવામાં આવે તો તા.૧૧/૬/૧૪ના રોજ તેઓના પિતા તથા આ કામના આરોપી કાંતિભાઈને સાથે જોયેલાનું જણાવે છે અને સાંજ સુધી તેઓના પિતા ઘરે આવેલ નહિ અને બીજા દિવસે તેઓના બાપુજીની લાશ રાણી તળાવની અંદર પડેલ છે તેવું જાણવા મળેલ. ત્યારબાદ પાછળથી તેઓને જાણવા મળેલ કે બનાવના દિવસે તેઓના બાપુજી અને આરોપી કાંતિભાઈ સાહેદ શંકરભાઈના ઘરે દારુ પીવા માટે ગયેલા અને ત્યાં તેઓ બંને વચ્ચે કંઈક બોલાચાલી થયેલી. ત્યાં મચ્છી ઉદ્યોગની જાળ કાંતિભાઈ લઈ ગયેલા અને રૂા.૨,૦૦૦/— આપતા નથી તે બાબતે તેઓના બાપુજી અને આરોપી વચ્ચે બોલાચાલી થયેલી અને કાંતિભાઈ ત્યાંથી નીકળી ગયેલા અને તેના પછી અડધો કલાક બાદ તેઓના બાપુજી પણ તેમની પાછળ ગયેલા અને અડધો કલાક પછી આ કામના આરોપી કાંતિભાઈ, શંકરભાઈના ઘરે ગયેલા અને રાણી તળાવમાં તેઓના બાપુજી મરી ગયેલા તેવી વાત શંકરભાઈને કહેવા ગયેલા. આમ, સદર બંને સાહેદોનો પુરાવો જોતાં તેઓને પણ વાતોવાતથી હકીકત જાણેલ છે. ઘરેથી આરોપી તથા તેઓના પિતાશ્રીને સાથે સાહેદ શંકરભાઈના ઘરે દારુ પીવા માટે જતા જોયેલાનું જણાવેલ છે. ત્યારબાદ શું થયું તે અંગે તેઓએ વાતોવાતથી જાણેલાનું જણાવેલ છે. તે જોતાં સદર બને

સાહેદોની જુબાનીના આધારે પણ આ કામના આરોપીને સંડોવતો કોઈ સ્પષ્ટ પુરાવો મળી આવતો ન હોઈ અન્ય સાહેદોનો પુરાવો ધ્યાને લેવો જરૂરી છે.

૧૮.. ફરિયાદપક્ષ તરફે આંકઃ૧૬થી સાહેદ : શંકરભાઈ સાંજાભાઈ ડોડીયારને તપાસેલ છે કે જેઓ સદરહુ કેસના મહત્વના સાક્ષી છે. સદર સાહેદનો પુરાવો જોવામાં આવે તો બનાવ આશરે પાંચેક વર્ષ પહેલા બનેલો. ધર્માજી બદાજી તે વખતે તેઓના ઘરે આવેલા અને તે વખતે દારુ પીતા હતા અને તેઓએ દારુ માંગતા તેઓને દારુ આપેલો. તેમને વીસ રૂપિયાનો દારુ આપેલો. ત્યારબાદ પાછળથી આરોપી કાંતિભાઈ આવેલા અને તેમણે ધર્માભાઈ આવેલા તેમ પૂછેલું અને ધર્માભાઈએ કાંતિભાઈને કહેલ કે, તું માછલી પકડવાની જાળ વેચી ખાઈ ગયો છે અને ત્યાં બોલાચાલી થયેલી. ત્યારબાદ કાંતિભાઈ ત્યાંથી નીકળી ગયેલા અને અડધો કલાક બાદ ધર્માભાઈ ઘરે ગયેલા અને ત્યારબાદ કલાક પછી કાંતિભાઈ તેઓના ઘરે આવેલા અને તે વખતે તેઓ ઉઘી ગયેલા અને તેઓને બોલાવેલ અને તેણે જણાવેલ કે "ધર્માભાઈ મરી ગયેલ છે, તારે જોવા આવવું છે?" પરંતુ તેઓ જોવા ગયેલ નહિ. પરંતુ મે તેઓને કહેલ કે તમે બંને લડેલા, તમે જ મારી નાંખ્યો હશે. તેટલા શબ્દો બોલેલા, તે સિવાય હું કંઈ જાણતો નથી.

સદર સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. ઉલટતપાસમાં તેઓને માનસિક બીમારી થયેલી, તેઓને ડાકણની બીમારી હતી, ડાકણ વળગેલી. વધુમાં તા.૧૭/૬/૧૪ના રોજ પોલીસે તેમની કોઈ પૂછપરછ કરેલ નથી તેમ જણાવેલ છે અને તા.૧૭/૬/૧૪ના રોજ પોલીસ નિવેદનમાં માછલીની જાળ બાબતે આરોપી કાંતિભાઈ અને ધર્માભાઈ

વચ્ચે બોલાચાલી થયેલી તથા આરોપી તેઓના ઘરેથી નીકળી ગયા બાદ ફરીથી તેઓને ત્યાં આવ્યા હોય અને ધર્માજી ગુજરી ગયા બાબતની જાણ તેઓને કરેલ હોય તેવું લખાવેલ નથી, તે હકીકતનો ઈનકાર કરેલ છે. વધુમાં કાંતિભાઈ નીકળ્યા ત્યારે ધર્માજી તેઓને ત્યાં બેઠેલા હતા અને ધર્માજી નીકળ્યા ત્યારે દારુ પીધેલા હતા, તે હકીકત કબુલ રાખેલ છે. આમ, સદર સાહેદનો પુરાવો જોવામાં આવે તો આરોપી કાંતિભાઈ તથા મરણજનાર ધર્માજી બનાવના દિવસે તેઓને ત્યાં દારુ પીવા માટે ગયેલ હોવાની હકીકત ફલિત થાય છે અને તે સમયે સાહેદ પોતે પણ દારુ પીતા હતા તે હકીકત જણાવેલ છે. પરંતુ ત્યારબાદ આરોપી કાંતિભાઈ પહેલા નીકળી ગયેલ છે અને અડધો કલાક પછી મરણજનાર ધર્માજી નીકળેલ છે તેમ જણાવેલ છે. આમ, બંને સાથે ગયેલ હોય તેવી હકીકત સદર સાહેદની જુબાનીના આધારે ફલિત થતી નથી. વધુમાં સદર સાહેદના જણાવ્યા મુજબ આરોપી કાંતિભાઈ તથા મરણજનાર ધર્માજી વચ્ચે માછલી પકડવાની જાળ બાબતે તકરાર થયેલી. તેમજ ત્યારબાદ અડધો કલાક બાદ કાંતિભાઈ તેઓના ઘરે આવેલા તે વખતે તેણે જણાવેલ કે ધર્માભાઈ મરી ગયેલ છે, તારે જોવા આવવું છે? પરંતુ તેઓ જોવા ગયેલ નહિ અને તેના આધારે આ કામના આરોપી કાંતિભાઈએ ધર્માજીને મારી નાંખેલ હોવાની હકીકત તપાસમાં ખુલેલાનું નીકળે છે. પરંતુ ધર્માજીની લાશ મળ્યા બાદ પ્રથમ ફરિયાદી તરફે અકસ્માત મોત દાખલ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને સદર સાહેદનું તા.૧૭/૬/૧૪ના રોજ જવાબ લેવામાં આવેલ છે. સદરહુ પોલીસ નિવેદનમાં સદર સાહેદે માછલાની જાળ બાબતે આરોપી કાંતિભાઈ તથા ધર્માભાઈ વચ્ચતે બોલાચાલી થયેલાનું તેમજ આરોપી તેઓના ઘરેથી નીકળી ગયા

બાદ ફરીથી તેઓના ઘરે આવી ધર્માજી ગુજરી ગયા બાબતની જાણ કર્યા અંગેની હકીકત લખાવેલ નથી, જે બાબત ત.ક.અમલદારશ્રીએ તેઓની જુબાનીમાં કબુલ રાખેલ છે. આમ, જયારે પ્રથમ જવાબ લેવામાં આવેલ છે ત્યારે સદર સાહેદે આવી કોઈ હકીકત લખાવેલ નથી, ત્યારે બીજીવાર જયારે જવાબ લેવામાં આવ્યો તે વખતે સદર હકીકત જણાવે છે, ત્યારે તે બાબતે શંકા ઉપસ્થિત થાય છે. વધુમાં સદર સાહેદના જણાવ્યા મુજબ અડધો કલાક પછી આરોપી કાંતિભઈ તેઓના ઘરે આવી ધર્માભાઈ મરી ગયેલ છે તેવું જણાવે છે. તેમ છતાં તે દિવસ દરમિયાન આ બાબત કોઈને જણાવેલ હોય તેવું પ્રસ્થાપિત થતું નથી અને લાશ બીજા દિવસ ે કલાક ૧૦/૦૦ વાગ્યાના અરસામાં મળેલ છે અને સદરહુ લાશ મળી આવ્યા બાદ પણ મરણજનાર ધર્માજીના પુત્ર એટલે કે ફરિયાદી તેમજ અન્ય સાહેદોએ પણ આ હકીકતની તુરત જ જાણ કરેલ હોય તેવી હકીકત અન્ય સાહેદોની જુબાનીના આધારે ફલિત થતી નથી. વધુમાં સદર સાહેદ પોતે જે તે વખતે માનસિક બીમારીથી પીડાતા હોવાનું અને તેઓને ડાકણની માનસિક બીમારી હોવાનું સ્વીકારેલ છે અને બનાવ સમયે પણ પોતે દારુ પીતો હતો તેમ જણાવે છે. તે જોતાં સદરહુ સાહેદની જુબાની ઉપર આધાર રાખી શકાય નહિ. આમ, સદર સાહેદના પુરાવાના આધારે આ કામના આરોપીને સંડોવતો સ્ પષ્ટ પુરાવો મળી આવતો ન હોઈ અન્ય સાહેદોના પુરાવાની ચર્ચા કરવી જરૂરી છે.

૧૯.. આ કામે ફરિયાદપક્ષ તરફે આંકઃ૩૩થી સાહેદ : નટુભાઈ બદાભાઈ ભગોરાને તપાસેલ છે. ફરિયાદપક્ષના કેસ મુજબ તા.૧૧/૬/૧૪ના રોજ આ કામના આરોપી કાંતિભાઈ તથા મરણજનાર ધર્માજી બંને જણા સાહેદ

શંકરભાઈના ઘરે દારુ પીવા માટે ગયેલા ત્યારે સદર સાહેદ ત્યાં હાજર હતા અને તેઓએ મચ્છી પકડવાની જાળ બાબતે આરોપી અને મરણજનાર વચ્ચે ઝઘડો થયેલાની હકીકત જાણેલી. પરંતુ સદર સાહેદનો પુરાવો જોતા તેઓ પોતે શંકરભાઈના ઘરે ગયેલ હોય અને ત્યાં કોઈ માણસો બેઠેલા જોયેલ હોય તેવું બનેલ નથી તેમ જણાવેલ છે. સદર સાહેદને ફરિયાદપક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરતાં વિ.એ.પી.પી.શ્રી તરફે તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે. પરંતુ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષને સમર્થનરૂપ કોઈ હકીકત મળી આવતી નથી. આમ, સદર સાહેદોના પુરાવાના આધારે પણ આ કામના આરોપીને સંડોવતો કોઈ પુરાવો મળી આવતો નથી.

૨૦.. ફરિયાદપક્ષ તરફે આંકઃ૨૪થી સાહેદ : અરવિંદભાઈ ધનાભાઈ ચમારને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે કે જેઓએ તા.૧૨/૬/૧૪ના રોજ મરણજનારના પુત્ર રમેશભાઈ ધર્માજીએ અકસ્માત મોતની જાહેરાત આપતા અકસ્માત મોત નં.૩૧/૨૦૧૪થી દાખલ કરેલ છે અને ત્યારબાદ સદરહુ અકસ્માત મોતની તપાસ થયેલ હોઈ હે.કો. સોમાજી ફતાજીને સોંપેલ છે. તે સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલાનું જણાતું નથી. તેમજ ફરિયાદપક્ષ તરફે આંકઃ૩૪થી સાહેદ : સરસ્વતીબેન ફતેસિંહ બલાતને તપાસેલ છે કે જેઓ તા.૨૩/૬/૧૪ના રોજ પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન પી.એસ.આઈ. પી.એસ. પરમારની રૂબરૂની ફરિયાદ ગુન્હો રજીસ્ટર કરવા સારુ તેઓની સમક્ષ આવતા તેઓએ ફર્સ્ટ ગુ.ર.નં.૬૧/૨૦૧૪થી ગુન્હો રજીસ્ટર કરી તપાસના કાગળો પી.એસ.પરમાર–પી.એસ.આઈ. તરફ મોકલેલ છે. તે સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી. સદર સાહેદની જુબાનીમાં

આંકઃ૩૫થી સ્ટેશન ડાયરીની નોંધ રજૂ થયેલ છે, જેમાં અ.નં.૧૯થી ગુન્હો રજીસ્ટર કરેલ છે.

૨૧.. ફરિયાદપક્ષ તરફે આંકઃ૩૬થી ત.ક.અમલદાર શ્રી પ્રહલાદસિંહ સોનસિંહ પરમારને સોગંદ ઉપર તપાસેલ છે. સદર સાહેદનો પુરાવો જોતાં તા.૨૩/૬/૧૪ના રોજ તેઓ પી.એસ.આઈ. તરીકે ભિલોડા પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા તે દરમિયાન ફરિયાદી શ્રી રમેશભાઈ ધર્માજી નિનામાએ તેઓ રૂબરૂ આવી ફરિયાદ હકીકત જાહેર કરતાં તેઓના લખાવ્યા મુજબ ફરિયાદ લઈ ગુન્હો રજીસ્ટર કરવા સારૂ પી.એસ.ઓ.ને મોકલી આપેલ. ત્યારબાદ આગળની તપાસ તેઓએ સંભાળેલી. આ કામે અગાઉ ભિલોડા પો.સ્ટે. અકસ્માત મોત નં.૩૧ /૨૦૧૪, ક્રિ.પ્રો.કો.ક. ૧૭૪ મુજબ તા.૧૨/૬/૧૪ના રોજ દાખલ થયેલ, તેની તપાસ હે.કો. સોમાભાઈ ફતાજીએ કરેલ. તપાસના કાગળો તેઓ આ ગુન્હાના કામે સંભાળી લીધેલ. ત્યારબાદ તા.૨૪/૬/૧૪ના રોજ તેઓએ ધર્માજીના પુત્રો પિત્તરભાઈ ધર્માજી, નાનજીભાઈ ધર્માજી તથા સીમોલભાઈ ધર્માજી, સામ્યલભાઈ ધર્માજી તથા નરેશભાઈ ધર્માજી નિનામા, ગીતાબેન વા.ઓ. સીમોલભાઈ નિનામા, સવિતાબેન, વા.ઓ. સામ્યલભાઈ ધર્માજી નિનામા, નિર્મળાબને ધર્માજી નિનામા, મંજુલાબેન નાનજીભાઈ નિનામા, મહેશભાઈ કમજીભાઈ ખરાડી, રહે. ભિલોડા કંપા, નટુભાઈ બદાજી ભગોરાના નિવેદનો ફરિયાદની હકીકત લખાવ્યા મુજબ લખી લીધેલ. તા.૨૨/૬/૧૪ના રોજ સાહેદ શંકરભાઈ સાંજાભાઈ ડોડીયાર તથા નટુભાઈ બદાજી ભગોરાના વિશેષ નિવેદનો લેવામાં આવેલ. આરોપીને તા.૨૯/૭/૧૪ના રોજ ક.૧૮/૩૦

વાગ્યે અટક કરવામાં આવેલ. સદર સાહેદની જુબાનીમાં આંકઃ૩૭ થી આંકઃ૪૪ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલ છે.

૨૨.. સદર ત.ક.અમલદાર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. ઉલટતપાસમાં જણાવ્યા મુજબ અકસ્માત મોતની ઈન્કવાયરી દરમિયાન કોઈ ગુન્હો બને છે કે કેમ? તેવી હકીકત બહાર આવેલ નહિ, જે હકીકત કબુલ રાખેલ છે. મરણજનારનું મૃત્યુ કયા કારણસર થયેલ છે તેની જાણ પોલીસને તા.૧૨/૬/૧૪ના રોજ થયેલ અને તા.૧૨/૬/૧૪ થી તા.૨૨/૬/૧૪ દરમિયાન આ કામે કોઈ ફરિયાદ કરવામાં આવેલ નથી તે હકીકત પણ સ્વીકારેલ છે. ઈન્કવાયરીના કામે સાહેદ : શંકરભાઈ સાંજાભાઈનું નિવેદન લીધેલ. સદર સાહેદે તા.૧૭/૬/૧૪ના રોજ પોલીસ નિવેદનમાં માછલી પકડવાની જાળ બાબતે આરોપી અને મરણજનાર વચ્ચે બોલાચાલી થયેલી અને આરોપી તેઓના ઘરેથી નીકળી ગયા, ત્યારબાદ ફરીથી તેઓ ઘરે આવ્યા અને ધર્માજી ગુજરી ગયા બાબતની વાત તેઓને કરેલ હોય તેવું લખાવેલ નથી. આમ, ત.ક.અમલદારશ્રીનો પુરાવો જોતાં ઈન્કવાયરીના કામે આ કામના આરોપીને સંડોવતો કોઈ પુરાવો મળી આવેલાનું જણાઈ આવતું નથી. ત્યારબાદ આ કામના સદર ગુન્હાના સાહેદ : શકરભાઈનું વધારાનું નિવેદન લીધા બાદ આ કામના આરોપીને અટક કરવામાં આવેલ છે. તે જોતાં આ કામના આરોપીને સંડોવતો કોઈ સ્પષ્ટ પુરાવો મળેલાની હકીકત શંકા ઉપજાવે છે. વધુમાં ત.ક.અમલદારશ્રીએ ઉલટતપાસમાં બનાવસમયે ડેમ વિસ્તારમાં રબારીઓના ઘેંટા બકરા ચારવા માટે પડેલા હતા અને તેવી હકીકત તપાસમાં ખુલેલાનો ઈનકાર કરેલ છે. ત્યારબાદ ફરીથી તે હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમાં આ લાશ રબારીઓએ પહેલાં

જોયેલી તેવી હકીકત ખુલેલ તેમ છતાં રબારીઓમાંથી કોઈનું નિવેદન લીધેલ નથી. આમ, ત.ક.અમલદારશ્રીનો પુરાવો જોતાં પોલીસ તપાસમાં ખામી હોવાનું જણાય છે. વધુમાં મરણજનાર ધર્માજી , શંકરભાઈના ઘરેથી નીકળેલા ત્યારે તેમની સાથે કોઈ ન હતું તે હકીકત પણ તેઓની તપાસમાં ખુલેલ તેવું કબુલ કરેલ છે. તે જોતા છેલ્લે મરણજનાર ધર્માજી સાથે આ કામના આરોપી હોય તે હકીકતને સમર્થન મળતું નથી. આમ, ત.ક.અમલદારશ્રીનો પુરાવો જોવામાં આવે તો પણ આ કામના આરોપીને સંડોવતો કોઈ સ્પષ્ટ પુરાવો મળી આવતો નથી.

૨૩.. આમ, ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો આ કામે નજરે જોનાર કોઈ સાહેદ નથી, સમગ્ર કેસ સાંયોગિક પુરાવા ઉપર આધારિત છે, ત્યારે આરોપીને સંડોવતો તમામ પુરાવાની કડી મળવી ખૂબ જ જરૂરી છે. આ કામે સાહેદ શંકરભાઈ સાંજાભાઈ ડોડીયારના પુરાવા સિવાય તમામ સાહેદોએ વાતોવાતથી બનાવની હકીકત સાંભળેલ છે. જયારે સાહેદ શંકરભાઈનો પુરાવો જોતાં અગાઉ ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપી તેઓના ઘરેથી નીકળ્યા બાદ અડધો કલાક પછી મરણજનાર ધર્માભાઈ , શંકરભાઈના ઘરેથી નીકળેલ છે. આમ, આરોપી તથા મરણજનાર ધર્માજી એક સાથે નીકળેલ હોય તેવું બનેલ નથી. વધુમાં ત્યારબાદ અન્ય કોઈ વ્યકિતએ આરોપી અને મરણજનાર ધર્માજીને સાથે જોયેલ હોય તેવી કોઈ હકીકત ફલિત થતી નથી. શંકરભાઈની જુબાની મુજબ આરોપી અને મરણજનાર ધર્માજી વચ્ચે માછલા પકડવાની જાળ બાબતે ઝઘડો થયેલ, પરંતુ પ્રથમ શંકરભાઈનું તા.૧૭/૬/૧૪ના રોજ અકસ્માત મોતની તપાસમાં નિવેદન લેવામાં આવેલ, તે નિવેદનમાં માછલા પકડવાની જાળ

બાબતે ઝઘડો થયેલ હોઈ તેમજ આરોપી પાછળથી આવીને ''ધર્માભાઈ મરી ગયેલ છે, તારે જોવા આવવું છે?'' તેવું કહેલ હોય તેવી હકીકત લખાવેલ નથી. શંકરભાઈ પોતે દારુ પીવાની આદતવાળા છે અને તેઓની ઉલટતપાસમાં જણાવ્યા મુજબ તેઓને માનસિક બીમારી પણ થયેલી અને તેઓને ડાકણ વળગેલી તે હકીકત કબુલ રાખેલ છે. તે સંજોગો જોતાં સદર સાહેદના પુરાવા ઉપર આધાર રાખી શકાય તેમ નથી. તે સિવાય અન્ય કોઈ સાહેદોના પુરાવાના આધારે આ કામના આરોપીને સંડોવતી કોઈ હકીકત મળી આવતી નથી. ત.ક.અમલદારશ્રીનો પુરાવો જોવામાં આવે તો પણ આ કામના આરોપીને સંડોવતી કોઈ મહત્વની કડી મળી આવતી હોય તેવું પ્રસ્થાપિત થતું નથી. વધુમાં પ્રથમ ધર્માજીની લાશ રાણી તળાવ પાસે રહેતા રબારીએ જોયેલી અને જાણ કરેલી. તેમ છતાં ત.ક.અમલદાર શ્રી તરફે તેઓના કોઈ નિવેદન લેવામાં આવેલ નથી. આ સમગ્ર હકીકતોની ચર્ચાને ધ્યાને લેતાં આ કામના આરોપીને સંડોવતી કોઈ કડી ત.ક.અમલદારશ્રી મેળવી શકેલ નથી. આમ, ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ સમગ્ર પુરાવો જોતાં આ કામના આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હાનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નીવડેલ હોઈ અને આ કામના આરોપીને શંકાનો લાભ આપવો જરૂરી જણાતું હોઈ મુદ્દા નં.૨નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

આ કામે આરોપી : કાંતિભાઈ દોલજીભાઈ આંબલીયા, રહે.ભિલોડા કંપા, તા.ભિલોડા, જી.અરવલ્લીનાઓને ક્રિ. પ્રો. કોડની

કલમ – ૨૩૫(૧) અન્વયે ઈ.પી.કો.ક. ૩૦૨ મુજબના ગુન્હામા શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ક્રિ.પ્રો.કો.ક. ૪૩૭(૨) અન્વયે અપીલ પીરીયડ સુધીના અત્રેની કોર્ટ સમક્ષ રૂા.૧૫૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના જામીન તથા જાતજામીન આપવાના રહેશે.

અપીલ સમય વીત્યા બાદ મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ આજ તારીખ : ઓગણત્રીસમી , માહે : ફેબ્રુઆરી , સને : ૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૯/૨/૨૦૨૦
મોડાસા.

(પ્રશાંતકુમાર હસમુખલાલ શેઠ)
બીજા એડીશનલ સેશન્સ જજ
અરવલ્લી જીલ્લા, મોડાસા
**JUDGE CODE-GJ00524**

ડી.ટી.મકવાણા
પી.એ.